**પ્રશ્ન: અવોર્ડ દ્વારા બાળકોના આત્મવિશ્વાસ, ઉત્સાહ અને શિક્ષણમાં રસ રહે છે. તે માટે આપે કરેલ નવતર પ્રવૃત્તિ અને તેનું પરિણામ ટૂંકમાં જણાવો.**

તારણ:- શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે.જવાબ આપવાની સાથે જવાબ આપનાર શિક્ષકનું નામ અને મોબાઈલ નંબર આપેલ છે.

(૧) શાળામાં બાળકો હાજર રહે તે માટે મહિનામાં જે **બાળકની સરેરાશ હાજરી વધુ હોય તેને સ્ટાર** આપવામાં આવે છે. (નાકરાણી ભાવેશભાઈ-અમરેલી-9974005480, મલયભાઇ જોશી-ભાવનગર- 9426624442)

(૨) બાળકોને શાળા લેવલે, તાલુકા અને જીલ્લ્લા લેવલે યોજાયેલ રમત-ગમત તેમજ બીજી સ્પર્ધામાં **વિજેતા બાળકને મળેલ અવોર્ડનું પ્રદર્શન** ગોઠવવામાં આવે છે જેથી બીજા બાળકો તે અવોર્ડ મેળવવા માટે પ્રોત્સાહિત થાય.(દિલીપભાઈ વિહોલ-મહેસાણા- 9725871658)

(૩)શાળામાં બાળકોને સાક્ષરી વિષયો પ્રત્યે નહીં પરંતુ સ્વચ્છતા વિશે થોડી રુચિની જરૂર હતી.આ સમસ્યા નિવારવા શાળામાં **"સ્વચ્છ વર્ગખંડ એવોર્ડ"** આપવાનું વિચાર્યું.જે વર્ગની સફાઈ,સાધનોની ગોઠવણી,બાળકોની સ્વચ્છતા સૌથી સારી તે વર્ગને સ્વચ્છ વર્ગ જાહેર કરીતે આખો દિવસ ટ્રોફી તે વર્ગમાં મુકવામાં આવતી.
(સુતરીયા નિધીબેન-અમરેલી- 9825542629)

(૪) શાળામાં દરમિયાન શૈક્ષણિક તેમજ બિનશૈક્ષણિક બાબતમાં આગળ હોય તે વિદ્યાર્થીને **"સ્ટુડન્ટ ઓફ યર"** આપવામાં આવે છે.(મીરાબેન ડોડીયા-રાજકોટ- 8490822998, નીરવભાઈ ચૌહાણ-ભાવનગર- 9586116776)

(૫) ઘડિયા કવિતા વિકલ્પ આધારિત પ્રશ્નો ની નાની લેખિત સ્વરૂપની કસોટી ગણિત મા ઝડપ અને ચોક્કસાઈથી ગણતરી કરતા દાખલાઓ અને ખાસ દરરોજ અંગ્રેજી મા **એક નવો શબ્દ (New Words) શોધી લાવનાર ને ઇનામ** આપી પ્રોત્સાહન આપવામા આવે છે.(હિરેનભાઈ જાની-ભાવનગર- 9737690179)

(૬) વાર્ષિક પરિણામમાં જે વિદ્યાર્થીને ૬૦%, ૭૦%, ૮૦% અને ૯૦% ઉપર હોય તેવા વિદ્યાર્થીને **દાતા શ્રી તરફથી આર્થિક ઇનામ** આપવામાં આવે છે, બીજા બાળકો આ તક નો લાભ લેવા વધુ મહેનત કરતા થયા છે.
(સુરેશભાઈ નાગલા-અમરેલી- 9925943358)

(૭) બાળકમાં માનવીય મૂલ્યોનું ઘડતર થાય તે હેતુ સહ શાળામાં **દિવ્યાંગ બાળકની જરૂરિયાત જે બાળક પૂર્ણ કરે તે બાળકને "સેવા અવોર્ડ"** દર મહીને આપવામાં આવે છે.(રામાનુજ અતુલકુમાર-વઢવાણ- 9979497014)

(૮) શાળામાં બાળકોનો રસ રૂચી બન્યા રહે તે હેતુથી અલગ અલગ કેટેગરી મુજબ અવોર્ડ નીચે મુજબ આપવામાં આવે છે,
- શ્રેષ્ઠ વિદ્યાર્થી એવોર્ડ : બાળકો વાંચનમાં રસ લે અને પરીક્ષામાં ધ્યાન કેન્દ્રિત કરી વાંચન કરે તે માટે
- નિયમિત વિદ્યાર્થી એવોર્ડ : નિયમિતપણે આવે તે માટે
- સફાઈ એવોર્ડ : સાફ સફાઈ રોજ રાખે અને કરે તે માટે
- સરદાર પટેલ એવોર્ડ : બીજા બાળકોને શિક્ષણમાં મદદ કરે તે માટે
- સાંસ્કૃતિક એવોર્ડ : સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લે, રસ લે તે માટે અને ઉત્સાહથી કામ કરે છે તે માટે
- અબ્દુલ કલામ એવોર્ડ : વિજ્ઞાન માં રસ લે તે માટે
- ઈતિહાસકાર એવોર્ડ : સામાજિક વિજ્ઞાન વિષય પ્રત્યે રસ કેળવે

(હિરેનભાઈ સંઘાણી-બોટાદ- 9904994294)

## IIMA GCERT સ્ટેટ ઇનોવેશન ફેર-૨૦૧૮

આદરણીય શિક્ષકમિત્રો,

આપ છેલ્લા ઘણા સમયથી અમારી સાથે (inshodh.org) સાથે સંકળાયેલા છો.અમને ખુશી છે કે છેલ્લા **૪ વર્ષમાં કુલ ૧૨૫૦૦ નવતર પ્રયોગ** જે સમગ્ર ગુજરાતમાંથી ઇનોવેટીવ શિક્ષક દ્વારા વર્ગખંડમાં અને વર્ગખંડની બહાર કરેલ છે, એકઠા કરીને એક જ જગ્યાએ બધો નીચોડ મળી રહે તે હેતુથી www.inshodh.org પર એક વિશેષ ઇનોવેશનની બેંક બનાવેલ છે. આ બેંક થકી જે શાળામાં કોઈ પણ પ્રકારની સમસ્યા વેઠી રહી છે ત્યાં આ પ્રકારના ઇનોવેશન ની જરૂરિયાત છે તેવી શાળા સુધી ડીજીટલ માધ્યમ થકી ત્યાં પહોચવાનો અમે પ્રયાસ કરેલ છે.આપ સર્વે દ્વારા અત્યાર સુધીમાં કરેલ નવતર પ્રયોગ જે તમે ક્યારેય DIET અથવા IIMA માં મોકલેલ ના હોય તો તેવો **નવતર પ્રયોગ નીચે આપેલ QR-CODE સ્કેન કરી, PDF ફાઈલમાં આપેલ સ્ટેપ અનુસરીને તમારો પ્રયોગ અમારા સુધી ONLINE પહોંચતો કરો.**

અથવા

**આપ ઓફલાઇન સબમિટ કરવા ઈચ્છતા હોય તો આપેલ ફોર્મ ભરીને તેમાં આપેલ અડ્રેસ પર મોકલી આપી OFFLINE સબમીટ કરો.**

IIMA GCERT સ્ટેટ ઇનોવેશન ફેર-૨૦૧૮ માટે ઇનોવેશન સબમિટ કરવાનું ચાલુ કરવામાં આવ્યું છે. આથી બને તેટલું જલ્દી આપનું ઇનોવેશન IIMA ખાતે જમા કરવો.

આપ બને તેટલો આ મેસેજ સેન્ટ કરો અને જરૂરિયાત શિક્ષકમીત્રોને આપે કરેલ નવતર પ્રયોગ પહોચતો કરો.

આભાર.

**ઇનોવેશન સબમીશન બાબત પ્રશ્ન હોય તો**
**-સંકેત સાવલિયા**
**કોન્ટેક્ટ નંબર:- ০૭૯-૬૬૩૨-૪૮૬૧**

---

## IIMA- SFC (Schooler for change campaign)

સમગ્ર ભારત માંથી જે વિદ્યાર્થીઓએ એન્જીનીઅરીંગ, સાઈન્સ, કોમર્સ તેમજ અન્ય ફિલ્ડમાં અભ્યાસ કરી રહ્યા છે તેવા વિદ્યાર્થીઓ દ્વારા પ્રાથમિક શાળાના બાળકો (ધોરણ-૧ થી ૫) માટે વિજ્ઞાન, ગણિત તેમજ ભાષા માટે એનીમેટેડ વીડિઓ બનાવેલા છે આ વીડિઓ જોવા વિઝીટ કરો અમારી યુટ્યુબ ચેનલ - Teachers as Transformers અને સબસ્ક્રાઇબ કરો અમારી આ ચેનલ વધુ વીડિઓ માટે. ચેનલ ઓપન કરવા સ્કેન કરો નીચે આપેલ QR-CODE

.